## * વલ્લભીપુર પેટા વિભાગીય કચેરીમાં ફોલ્ટી ટ્રાન્સફોર્મર બદલવાનું કામ અને તેની શરતો અને નિયમો *

૧. ટ્રાન્સફોર્મરનું કામ નાયબ ઈજનેરશ્રી (વલભીપુર પેટા વિભાગીય કચેરી) તરફથી લાઇન ક્લીયર મળે ત્યારબાદ જ કામ શરુ કરવાનું રહેશે. તેમજ જે સમયમર્યાદા આપેલ હશે તે સમય મર્યાદામાં જ કામ પૂરું કરવાનું રહેશે.

૨. કામ ઈજનેર ઇન્ચાર્જની સુચના મુજબ સંપૂર્ણ કરવાનું રહેશે. ટ્રાન્સફોર્મરનું સંપૂર્ણ વાયરીંગ, જમ્પર વગેરેનું કામ કરી આપવાનું રહેશે.

3. શેડ્યુલ પ્રમાણે સંપૂર્ણ કામ કરી આપવાનું રહેશે અને કામ કરતી વખતે કોઇપણ જાતની માલ-મિલકતનું નુકસાન, જાનહાની કે ટ્રાન્સફોર્મરને કોઇ નુકસાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોન્ટ્રાકટરે દરેક માણસોના વીમા પોતાના ખર્ચે ઉતારવાના રહેશે અને તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૪. કોન્ટ્રાકટરે ઉપરોક્ત કામગીરી કરતા પહેલા અકસ્માત ન થાય તે માટે વીજ પુરવઠો બંધ છે તેની સંપૂર્ણ ચકાસણી કરીને ત્યારબાદ જ કામ કરવાનું રહેશે.

૫. પીજીવીસીએલનાં વર્કસ અને કોન્ટ્રાક્ટના તમામ નિયમો કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે. તેમજ સલામતીના નિયમો ધ્યાનમાં રાખીને કામ કાળજીપૂર્વક કરવાનું રહેશે. બોર્ડની બુક્સના નિયમો કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે. બોર્ડની કિંમતના પાંચ ટકા સિક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે.

૬. આપેલ સમય મર્યાદામાં કામ પૂરું કરવામાં નહિ આવે તો પીજીવીસીએલના નિયમો મુજબ ઓર્ડરની કિંમતના દરરોજના એક ટકા લેખે પેનલ્ટી ચાર્જ કરવામાં આવશે. વધુમાં વધુ દસ ટકા સુધી પેનલ્ટી લેવામાં આવશે.

૭. પીજીવીસીએલનાં નિયમ મુજબ કોન્ટ્રાકટરે એગ્રીમેન્ટ તથા ઇન્ડેમનીટી બોન્ડ પોતાના ખર્ચે કરી આપવાના રહેશે અને જરૂરી સોલ્વન્સી પ્રમાણપત્રની જરૂર પડે ત્યારે માંગવામાં આવશે તે પ્રમાણે કોન્ટ્રકટરે રજુ કરવાનું રહેશે.

૮. જુના ટ્રાન્સફોર્મર જે સ્થળેથી ઉપાડી કાળજી પૂર્વક લઇ આવવાના રહેશે અને ઇન્ચાર્જની સુચના મુજબ પીજીવીસીએલનાં ગ્રામ્ય વિભાગીય સ્ટોર ખાતેના સ્ટોરમાં જે તે સ્થળે વ્યવસ્થિત ઉતારી ગોઠવી આપવાના રહેશે. તેમજ નવા/રીપેર ટ્રાન્સફોર્મર સ્ટોરમાંથી ઇન ચાર્જની સુચના મુજબ જે તે જગ્યાએથી તમામ જવાબદારી સાથે લેવાના રહેશે. ટ્રાન્સફોર્મર બદલાવ્યા બાદ બળેલ ટ્રાન્સફોર્મર કોન્ટ્રાકટરે પોતાની પાસે સલામત જગ્યાએ રાખી ડીવીજન સ્ટોરમાં જમા કરાવવા સુધીની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૯. બળેલ ટ્રાન્સફોર્મર જે તે સ્થળે ઉતાર્યા બાદ ૪૮ કલાકમાં સ્ટોરના સમય દરમિયાન ગ્રામ્ય વિભાગીય સ્ટોરમાં જમા કરવાનું રહેશે. તેમાં જો વચ્ચેના દિવસે રજા આવતી હોઇ તો ત્યાર પછીનો દિવસ ગણવો. જો તેમ કરવામાં નહિ આવે તો પ્રતિ દિવસ પ્રતિ ટ્રાન્સફોર્મરના રૂ.૧૦૦ મુજબ દંડ લેવામાં આવશે. અને વધુમાં વધુ રૂ.૫૦૦ દંડ લેવામાં આવશે. બદલેલ ટ્રાન્સફોર્મર અને મુકવામાં આવેલ ટ્રાન્સફોર્મરના ઓઈલની ચકાસણી ખરાઇ કર્યાના પ્રમાણપત્ર જે તે નાયબ ઇજનેર શ્રી પાસેથી મેળવી બીલ સાથે કરવાનું રહેશે.

૧૦. ચેઈનકમ્પા તથા વાહનની વ્યવસ્થા કોન્ટ્રાકટરે જાતે કરવાની રહેશે.

૧૧. ટ્રાન્સફોર્મર વાહનમાં ચડાવવા કે ઉતારવાની કામગીરી કોન્ટ્રાકટરના માણસોએ કરવાની રહેશે. જો ફક્ત એક જ ટ્રાન્સફોર્મર પણ બળેલું હોઇ તો તે પણ તુરંત જ બદલાવવાની વ્યવસ્થા કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૧૨. કોન્ટ્રાકટરે ટેન્ડરમાં પોતાના ઇન્કમટેક્સ માટેના પર્મેનન્ટ એકાઉન્ટ નંબર દર્શાવવા જરૂરી છે. એક જ ગામના એક જ દિવસમાં એક કરતા વધારે ટ્રાન્સફોર્મર માટે 0.૫ (૫૦ ટકા) ચાર્જ ચુકવવામાં આવશે. કોન્ટ્રાકટરે પીએફ કોડ રજી.નં તથા ચલણ રજુ કરવાનું રહેશે. કોન્ટ્રાકટર પાસે ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાકટરનું લાયસન્સ હોવું ફરજીયાત છે.

૧૩. એક તરફી ટ્રાન્સપોર્ટેશનનો ચાર્જ ૫૦ ટકા ચુકવવામાં આવશે.

૧૪. ફેઈલ ટ્રાન્સફોર્મેર રીપોર્ટીંગ સમય થી ૨૪ કલાક માં ટ્રાન્સફોર્મેર બદલી આપવાનું રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પી.જી.વી.સી.એલ ગ્રામ્ય વિભાગીય કચેરી**
**ભાવનગર.**